





## વન વિભાગ તંત્રની વિશ્વ વન દિવસની ઉજવણીમાં 'દિવા તળે અંધારૂ'

અરવલ્લી જિલ્લામાં વિશ્વ વન દિવસ નિમિત્તે વન વિભાગ તંત્ર દ્વારા ઠેર ઠેર વૃક્ષો વાવો પર્યાવરણ બચાવોના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. બીજીબાજુ મોડાસા તાલુકાના વનવિભાગની વિસ્તરણ રેંજ દ્વારા વૃક્ષો વાવવા અને તેનુ જતન કરવા માટે સરકારી ગ્રાન્ટમાંથી લાખ્ખો રૂપિયાના ખર્ચે નર્સરીઓ બનાવી નર્સરીમાં અલગ અલગ જાતના વૃક્ષોના છોડવા વાવવામાં આવે છે અને પર્યાવરણ બચાવવા વિવિધ સેવાકીય સંસ્થાઓને આપવામાં આવતા હોય છે અને દરેક વિસ્તરણ રેંજને લક્ષ્યાંક ફાળવવામાં આવે છે અને જતન કરવા લાખ્ખો રૂપિયાનો ખર્ચ પાણીમાં વહી જતો હોય તેમ અમુક નર્સરીમાં વૃક્ષોના છોડની માવજતમાં બેદરકારી દાખવતા વૃક્ષો માટેના પ્લોટમાં પુરતા છોડ પણ નથી અને જે છોડ પોલીથીન બેગમાં રાખવામાં આવતા હોય છે તે પણ નષ્ટ થઈ ગયેલા નજરે પડ્યા હતા. તેમજ જિલ્લાના અનેક વિસ્તારોમાં વૃક્ષોનું આડેધડ નિકંદન કાઢી નાખવામાં આવતા જંગલો અને વૃક્ષો પણ મૃતપ્રાય હાલતમાં નજરે પડી રહ્યા છે. ત્યારે વિશ્વ વન દિવસની ઉજવણી કહેવા પુરતી કરવામાં આવી રહી હોય તેવુ પર્યાવરણ વિશે કહી રહ્યા છે.

# હિંમતનગર તાલુકામાં ઉનાળા પહેલા કેટલાય ગામોમાં હેન્ડપંપ બંધ હાલતમાં

સાબરકાંઠા જિલ્લામાં દર વર્ષે વહીવટી તંત્ર આકરા ઉનાળામાં પાણીની સમસ્યા હલ કરવા માટે અને ગ્રામ પંચાયત દ્વારા કરાતુ હોય છે. પણ જાણે હેન્ડપંપોની જાળવણી અને સાફસફાઈ કદાચ કાગળો ઉપર ઉનાળામાં પીવાના પાણી અને હવાડા ભરવા માટે ગ્રામ્ય પ્રજાને સીમાડાઓમાં ભટકવુ પડે તેવી



ઉનાળા પહેલાં આગોતરા એક્શન પ્લાન બનાવી ગામે ગામ બંધ પડેલ હેન્ડપંપો રીપેરીંગ કરવાના અને સાફ સફાઈ અને પીવાનું પાણી ચોખ્ખુ મળે તેવી હેન્ડપંપની આજુબાજુ તંત્ર દ્વારા થતી હોય તેવી સ્થિતિ ગામડાઓમાં તપાસ કરવામાં આવે તો જોવા મળે તેમ છે. અને તંત્રની લાલીયાવાડી અને ગ્રામ પંચાયતના વહિવટી કર્તાઓની નિષ્કાળજીના લીધે આકરા સ્થિતિનું નિર્માણ કરતા હોય તેવી ગામ પંચાયતના જ જવાબદારો અને હોદ્દા પર બેઠેલાઓ જ કરતા હોય તો ગ્રામ્ય પ્રજા અને મુંગા પશુઓ શું કરી શકે તેવો ઘાટ હુંજ ગામના પુરાતત્વની પૌરાણીક વાવ અને ગામના હવાડાના હાલ થયા છે. પણ મુક પ્રેક્ષક બની હોય તેમ ગ્રામ પંચાયતના જવાદારો ગામ આખુ સાફ સફાઈ કરે છે પણ પ્રૌરાણિક પુરાતત્વની વાવ કે હવાડો કે હેન્ડપંપ લોક ઉપયોગી અને સ્વચ્છતાની સ્વચ્છ ભારત અભિયાનના જાણે લીરેલીરા ઉડાવતા હોય તેમ ખુલ્લા રસ્તાઓ ઉપર વાવ ઉપર અને હેન્ડપંપ ઉપર મૂત્ર, છાણ અને ખુલ્લામાં મૂત્રછાણ અને ગંદુ પાણી છોડવાનુ અને ઉકરડાઓના ઢગલા કરી બિન્દાસ અશોભનીય કામગીરી થઈ રહી છે. પણ જેની જિલ્લા વહીવટી તંત્ર તાલુકા વહિવટી તંત્ર અને સ્થાનિક તંત્રને કેમ રજૂઆત કરવા છતા અને લેખિત ફરીયાદી છતાં અને ગામના પૂર્વ તાલુકા સદસ્ય દ્વારા મુખ્યમંત્રી ઓન લાઈન ફરીયાદ કરવા છતાં પ્રોરાણિક પુરાતત્વના અવસેષ સમાન ગામ આખાને સમયે પાણી પુરૂ પાડે તેવી આશા વ્યક્ત કરી હતી.

## ખેડબ્રહ્મા કોલેજમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયા

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્માની ડી.ડી. આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થી પરિષદ-સમિતિના ઉપક્રમે પારિતોષિક વિતરણ વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૧ વર્ષ પહેલા કોલેજનું ખાતમુહૂર્ત કરનાર ગઢશીશા મંદિર કચ્છના દાતા ચંદુબાની ઉપસ્થિતિમાં તથા હેમ ઉ.ગુ. યુનિ.ના કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિના અતિથિ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યે પુષ્પગુચ્છ, શાલ, સ્મૃતિચિહ્ન તથા પુસ્તક દ્વારા મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. વિદાય લેતા વિદ્યાર્થીઓના પ્રતિનિધિ તરીકે સુર્યાવતી તરાલ તથા દશરથ પરમારે પોતાના પ્રતિભાવ આપ્યા હતા. ગ્રંથપાલ એચ.એસ. ચૈહાણ તથા એમ.વી. પરમારના સંચાલન હેઠળ શિલ્ડ-પારિતોષિક પ્રમાણપત્રનું વિતરણ કરાયું હતું. ડૉ. હિનાબેન ભોજક તથા ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટે પીએચડીની પદવી તથા ત્રણ વિદ્યાર્થીઓએ એમફીલની પદવી પ્રાપ્ત કરતા તુષારભાઈ સોલંકીના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતુ.

# પ્રાંતિજમાં પિતાના મૃતદેહને અગ્નિદાહ આપ્યાં બાદ પુત્રએ પરીક્ષા આપી

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા સહિત વિવિધ જિલ્લાઓમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ પરીક્ષા ચાલી રહી છે ત્યારે હાલ આ ચાલતી બોર્ડની કઠીન કહેવાતી પરીક્ષા વચ્ચે પ્રાંતિજમાં કુદરત દ્વારા પણ લેવાયેલ પરીક્ષા પણ એક વિદ્યાર્થીને આપવી પડી હતી અને આવી જ એક ઘટના પ્રાંતિજ ખાતે બની હતી. જેમાં ધોરણ-૧૦નો વિદ્યાર્થી તુષાર સોનીએ પિતાના મૃતદેહને અગ્નિદાહ આપીને સમાજીક વિજ્ઞાનનું પરીક્ષાનું ચોથુ પેપર આપ્યું હતું અને કુદરતની કારણીથાપર સામે પોતાના મજબુત મનોબળનુ ઉદાહરણ આપી દીધું છે.



ધોરણ-૧૦ની પરીક્ષા ચાલુ છે અને આજે સમાજીક વિજ્ઞાનનું પેપર આપવા માટે પ્રાંતિજમાં રહેતો વિદ્યાર્થી પરીક્ષા આપવા જાય તે પહેલા તેણે કુદરતની પરીક્ષા આપવી પડી હતી. પ્રાંતિજ ખાતે રહેતો સોની તુષારના પિતા રાકેશભાઈ રમણભાઈ સોની ઉ.વર્ષ- ૪૫ કે જેવો પ્રાંતિજ એલ.આઈ.સી. માં સુપરવાઈઝર તરીકે સર્વિસ કરતાં હતાં તેવોનું ગત રાત્રીના સમયે હૃદયરોગનો હુમલો થતાં અચાનક મૃત્યુ થયુ હતું અને પરીક્ષા આપી રહેલ તુષાર સોનીના માથે મોટી આફત આવી ગઈ હતી અને પરિવારનો એકના એક પુત્ર હોવાથી તેના પિતાનુ મૃત્યુ થતાં પુત્ર હોવાના નાતે અગ્નિદાહ આપવાની જવાબદારી તેને માથે આવી હતી. પરીક્ષાના કારણે વહેલી સવારે આઠ વાગ્યે અંતિમયાત્રા કાઢવાનો નિર્ણય પરિવારે કર્યો હતો અને પ્રાંતિજ સ્મશાન ગૃહમાં પિતાને અગ્નિદાહ આપીને તુષાર ઘરે આવ્યો હતો અને અન્ય વિધિ પતાવીને પરીક્ષા આપવા માટે પહોંચ્યો હતો. પિતાનાં મૃત્યુ છતાં પણ અદ્ભુત માનસિક સંતુલન જાળવીને પરીક્ષા આપવા પહોંચેલા તુષાર માટે તેનાં પરિવારના સભ્યો કહે છે આવા વિઘ્ન છતાં હિંમત ન હારી તેથી પરિણામ તો સારૂં જ આવશે તેના આ મજબૂત મનોબળ પાછળ તેના પરિવાર તથા સ્કૂલના સ્ટાફનો સહયોગ મળતા તેની હિંમત વધી ગઈ હતી અને તેને બોર્ડની પરીક્ષાનું ચોથું પેપર સમાજીક વિજ્ઞાનની પરીક્ષા સર્વોદય ઉ.બુ વિધાલય ખાતે આપી હતી.

## મહેસાણામાં વિશ્વ જળ દિવસની ઉજવણી

મહેસાણા, તા. ૨૨

જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ- વાસ્મો દ્વારા વિશ્વ જળ દિવસની ઉજવણીના ભાગરૂપે તા. ૨૦-૩-૨૦૧૭ના રોજ જિલ્લાની



જુદી-જુદી ૧૦ પ્રાથમિક શાળાઓમાં રેલી, નિબંધ, ચિત્ર સ્પર્ધા યોજવામાં આવેલ અને પ્રથમ, દ્વિતીય, તથા તૃતિય નંબરે આવેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

તા. ૨૧-૦૩-૨૦૧૭ના રોજ જિલ્લા સ્તરીય વિશ્વ જળ દિવસની ઉજવણી કલેક્ટર વ અધ્યક્ષ જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટની અધ્યક્ષતામાં પંડિત દિન દયાળ કોમ્યુનિટી હોલ, જિલ્લા પંચાયત મહેસાણા ખાતે યોજવામાં આવેલ જેમાં ૧૦૦થી વધુ લોકોએ લાભ લીધેલ અને ૧૦૦ ટકા મહિલા પાણી સમિતિવાળા બલોલ તા.મહેસાણા, ગાંભુ તા.બેચરાજી ગામની પાણી સમિતિઓને રકમ રૂ. ૫૦,૦૦૦/-નું પ્રોત્સાહન અનુદાન આપી સંમાનીત કરવામાં આવ્યા હતા.

વિશ્વ જળ દિવસની ઉજવણી "પાણીનો બગાડ શા માટે ?" વિષયની થીમ ઉપર યોજવામાં આવેલ જેમાં યુનિટ મેનેજર વાસ્મો-મહેસાણા, ડી.કે.પટેલ ડીરેક્ટર વાસ્મો, વી.વી ગુપ્તા કા.ઈ.જા.આ. બાંધકામ વિભાગ તથા બી.એમ.રબારી પ્રોજેક્ટ ડાયરેક્ટર જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ ઉપસ્થિત રહીને માહિતી અને માર્ગદર્શન આપેલ.



## શામળાજીમાં બે દિવસીય યુવક મહોત્સવનો રંગારંગ પ્રારંભ

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર તથા અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય યુવક મહોત્સવનો પ્રારંભ અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકાયો હતો. જેમાં પ્રથમ દિવસે અમદાવાદના આર્ચર, રંગ અને રૂદ્રાક્ષ કલ્ચર ગ્રુપ હુડો, રાસ, મિક્ષરાસ, રાસડો, અર્વાચીન ગરબા રજૂ કર્યા હતા. બુધવારે ઉત્તરપ્રદેશના ખ્યાતનામ કલાકારો દ્વારા વૃંદાવનના પ્રસિદ્ધ બ્રજ વંદના રાધાજી ભાવ નૃત્ય મયુર નૃત્યુ સાવન જુલા ગીત લઠમાર અને ફૂલોની હોળી જેવા રંગારંગ કાર્યક્રમ યોજાયા હતા. શામળાજી મંદિર પરિસર સાંસ્કૃતિક પ્રોગ્રામોથી અને રોશનીથી ઝળહળી ઉઠ્યુ હતુ.

# હિંમતનગરના પૂર્વ ધારાસભ્ય રણજીતસિંહ ચાવડાનું અવસાન

### ભાજપના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પિતા રણજીતસિંહનું જન્મદિવસે જ અવસાન

હિંમતનગ, તા. ૨૨

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિંમતનગરના હાલના ભાજપના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પિતાજી અને ભાજપના પૂર્વ ધારાસભ્ય અને માજી મંત્રી રણજીતસિંહજી ચાવડાનું બુધવારે વહેલી સવારે અમદાવાદ ખાનગી હોસ્પીટલમાં સારવાર દરમિયાન ટૂંકી માંદગીને કારણે અવસાન થયું હતું. સદ્ગતના પરિવારજનોએ તેમની ઈચ્છાનુસાર ચક્ષુદાન કર્યુ હતું.



જોગાનું જોગ આજે રણજીતસિંહ ચાવડાનો ૭૭ મો જન્મ દિવસ હતો અને જન્મ દિવસે જ એમનું અવસાન થયું હતું. બુધવારે રણજીતસિંહ ચાવડાના પાર્થિવદેહને શહેરના મહાવીરનગર વિસ્તારની ૧૩ વૃંદાવન સોસાયટી એમના નિવાસ્થાને અંતિમ દર્શન માટે મુકવામાં આવ્યો હતો જ્યાં વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા, જીલ્લા પ્રભારી વલ્લભ કાકડિયા, પ્રદેશ ઉપાધ્યક્ષ જયસિંહ ચૌહાણ, જીલ્લા પ્રમુખ જે.ડી. પટેલ, નગરપાલિકાના પ્રમુખ નીલાબેન પટેલ સહીત જીલ્લા ભાજપના હોદેદારો, કાર્યકરો અને શહેરના અગ્રણીઓ પાર્થિવ દેહને શ્રધ્ધાંજલી અર્પી હતી ત્યારબાદ તેમના નિવાસ્થાનેથી બેન્ડ વાજા સાથે તેમની અંતિમયાત્રા નીકળી હતી અને શહેરની ટેલીફોન ઓફીસ પાસેના હાથમતી નદી કિનારે આવેલ સ્મશાનમાં દેહને અગ્નિસંસ્કાર કરાયા હતા. અંતિમયાત્રામાં શહેરના અગ્રણીઓ સહીત દરેક સમાજના લોકો મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# પ્રાંતિજ નગરપાલિકાએ પાંચ દુકાન માલિકોને નોટીસ પાઠવી

### સ્વામી વિવેકાનંદ શોપીંગમાં પાંચ વેપારીઓ દ્વારા પાલિકાની પૂર્વ મંજૂરી સિવાય બાંધકામ ઠોકી દેતા નોટીસ પાઠવી : દિન-૭ માં દુકાનો આગળ કરેલ સુધારો જે તે સ્થિતિમાં લાવવામાં નહીં આવે તો પાલિકા દુકાન પોતાના હસ્તક લઈ લેશે

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ પાસે આવેલ પ્રાંતિજ નગરપાલિકા હસ્તક સ્વામી વિવેકાનંદ શોપીંગ સેન્ટર ખાતે દુકાન માલિકો દ્વારા નગરપાલિકાની પૂર્વ મંજુરી લીધા સિવાય દુકાનમાં સુધારો કરતાં દુકાન આગળથી લાંબી કરવામાં આવતાં પાલિકાએ પાંચ દુકાન માલિકોને દિન સાતમાં જે તે થેની સ્થિતિમાં લાવવામાં જણાવવામાં આવ્યું છે. નહી તો પાલિકા દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રાંતિજ ખાતે નગરપાલિકા હસ્તક આવેલ સ્વામી વિવેકાનંદ શોપીંગ સેન્ટરમાં આવેલ દુકાનો અને નગરપાલિકા દ્વારા શરતોને આધિન ભાડા પેટે આપવામાં આવેલ દુકાનો જેની કરારખતની શરતોનું વેપારીઓ દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં ન આવતાં અને નગરપાલિકાની પૂર્વ મંજુરી લીધાં વગર દુકાનમાં બહારની સાઈડે સુધારો કરી આગળ વધતા કરારખતનો ભંગ કરતાં પાલિકા દ્વારા પાંચ દુકાનના માલિકોને નોટીસ આપવામાં આવી છે. જેમાં દુકાન નંબર- ૨ અને દુકાન નંબર- ૩ કે જે ટીનુ ફરસાણ સુખડીયા દિનેશભાઈ, દુકાન-૪ મોબાઈલની પટેલ જયેશભાઈ રમેશભાઈ, દુકાન- ૯ મહાકાલી પાન રાઠોડ મુકેશકુમાર જગદીશભાઈ, દુકાન-૧૦ મહાકાલી પાન રાઠોડ શૈલેષભાઈ જગદીશભાઈને પ્રાંતિજ પાલિકા દ્વારા નોટીસ પાઠવવામાં આવી છે અને જો દિન- ૭માં સદર દુકાનમાં કરેલ સુધારો જે તે સ્થિતિમાં કરવામાં નહી આવે તો કરારની શરત નં- ૧૫ મુજબ દુકાનનો કબજો નગરપાલિકા પોતાના હસ્તક લઈ લેશે અને દુકાનમાં ભાડવાતનો કોઈ હક્ક રહેશે નહીં અને તેની કોઈપણ જાતની ફરીયાદ સ્વિકારવામાં આવશે નહીં જેની નોંધ લેવાં નોટીસમાં દુકાન માલિકોને પાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે ત્યારે શું વેપારીઓ પૂર્વ મંજુરી વગર કરવામાં આવેલ બાંધકામ દૂર કરાશે કે કેમ અને પ્રાંતિજ નગર પાલિકા શરત- ૧૫ મુજબ સાત દિવસ પછી કોઈ એક્શન લેશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.




## મોડાસા જીસીઈ ખાતે જાયન્ટસ ગૃપ કલોલ મેઈન દ્વારા મેગા રક્તદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસામાં ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજમાં સિવિલ હોસ્પિટલ અમદાવાદની બ્લડ બેન્કની રાહબરી હેઠળ અને જાયન્ટસ ગૃપ ઓફ કલોલ મેઈનના સહયોગથી મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં કોલેજમાં અભ્યાસ કરતા યુવાનો દ્વારા સ્વૈચ્છીક રક્તદાન કેમ્પમાં જોડાઈને આજના યુવાનો સમાજને મદદરૂપ થવાની અને સમાજ માટે કંઈક કરવાનો ઉમંગ દરેક યુવક-યુવતીમાં જોવા મળ્યા હતા અને સાચા અર્થમાં રક્તદાન એ મહાદાન એ વાતને સાર્થક કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૪૦૮ બોટલો રક્ત આપી સિવિલ હોસ્પિટલમાં આવતા કેટલાય ગરીબ દર્દીઓના આશીર્વાદ મેળવવાની લાગણી અનુભવી રહ્યા હતા. આ કેમ્પમાં જાયન્ટસ ફેડરેશન ઉસીના પ્રમુખ અંબાલાલ પટેલ, ફેડરેશન સેક્રેટરી ભરત પટેલ, ફેડરેશનના રક્તદાન પ્રોગ્રામના ચેરમેન સુરેન્દ્રસિંહ રાઠોડ (માલપુર), ફેડરેશનના પરામર્શ કમીટીના સભ્ય નીલેશ જોષી, યુનીટ ડાયરેક્ટર નવનીતભાઈ પરીખ (મોડાસા), હાજર રહ્યા હતા.



## મોડાસામાં શ્રી હિંગળાજ માતાજીની જન્મ જયંતિ યોજાશે

મોડાસા નગરમાં ભાવસાર સમાજની કુળદેવી શ્રી હિંગળાજ માતાજીની જન્મ જયંતિ નિમિત્તે ૨૬-૩-૧૭ રવિવારના રોજ ભાવસાર સમાજ સંચાલિત ઓધારી મંદિરમાં આનંદનો ગરબો, સમૂહ મહાઆરતી તથા મહાપ્રસાદના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. યુવક મંડળ દ્વારા બ્લડગ્રુપ ચેકીંગકેમ્પ પોગ્રામ પણ રાખેલ છે. બાયડ, ચોઈલા, મેઘરજ, રમોસ, રણાસલા, અમદાવાદથી મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા મોડાસા પ્રદેશ ભાવસાર સમાજ ઓધારી મંદિર વહીવટી સમિતિ, હિંગળાજ ક્રેડીટ કો.ઓ. સોસાયટી તથા હિંગળાજ ભાવસાર મહિલા મંડળની બહેનો સહિત સંયુક્ત રીતે આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.